# ભારત સરકાર દ્વારા IPR ચેર માટે જીએનએલયુની પસંદગી

## ઈન્ટિલેક્ટ્યૂઅલ પ્રોપર્ટી રાઈટ્સની સંશોધનને વેગ મળશે

સિટી રિપોર્ટર

cbamdavad@gmail.com

ઈન્ટિલેક્ટ્યૂઅલ પ્રોપર્ટી રાઈટ્સ(આઈપીઆર) ક્ષેત્રે સંશોધન અને ફ્યુચર પ્લાન તૈયાર કરવા માટે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી(જીએનએલયુ) ને ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ કોમર્સ દ્વારા 'આઈપીઆર ચેર' માટે પસંદગી કરવામાં આવી છે. જીએનએલયુને આઈપીઆર ચેર માટે પસંદગી પામતા હવે પ્રોફેસર્સ અને સંશોધનકર્તાઓ આઈપીઆર ક્ષેત્રે પોતાના સંશોધન માટે જરૂરી આર્થિક સહાય ભારત સરકાર દ્વારા આપવામાં આવશે.આ અંગે જીએનએલયુના ડાયરેક્ટર બિમલ પટેલે કહ્યું કે, 'જીએનએલયુને ભારત સરકાર દ્વારા આઈપીઆર ચેરની ફાળવણી કરતા હવે આઈપીઆર ક્ષેત્રે ટિચિંગ, રિસર્ચ અને ટ્રેનિંગ ક્ષેત્રે વધારી સારી રીતે કામ કરીને પ્રોફેસર અને સ્ટુડન્ટસને લાભ આપી શકાશે.આ સાથે આઈપીઆરની ઉદ્યોગોમાં રહેલી અગત્યતા અને ફ્યુચર સિનિરિયો વિશે પહેલાથી જ પ્લાનિંગ બનાવીને આ ક્ષેત્રમાં સ્ટુડન્ટસને રોજગારીની નવી તકો આપી શકાશે. આ પહેલા માઈક્રોસોફ્ટ અને ગુજકોસ્ટ દ્વારા જીએનએલયુને આઈપીઆર ક્ષેત્રે રિસર્ચ માટે પસંદગી કરવામાં આવી.'

## આઈપીઆર ચેર એટલે શુ?

ઈન્ટિલેક્ટ્યૂઅલ પ્રોપર્ટી રાઈટ્સ(આઈપીઆર) ક્ષેત્રે સંશોધન કરવા માટે વિવિધ સંસ્થાઓ અને ભારત સરકાર દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે અને એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટમાં એક ચેર ફાળવીને તેમાં પ્રોફેસર્સને સમાવેશ કરવામાં આવે છે.આ ચેરમાં સમાવેશ થતાં પ્રોફેસર્સને આઈપીઆર રિસર્ચ માટે થતો ખર્ચ અને વિદેશમાં આયોજીત થતાં સેમિનારમાં સરકાર દ્વારા મદદ કરવામાં આવે છે.જેને આઈપીઆર ચેર તરીકે ઓળખવામાં આવે છે.

## હવે GNLUના બેચલર કોર્સમાં પણ IPRના સમાવેશની વિચારણા

જીએનએલયુમાં માસ્ટર કોર્સમાં સ્ટુડન્ટસને ઈન્ટિલેક્ટ્યૂઅલ પ્રોપર્ટી રાઈટ્સ(આઈપીઆર) સ્ટડી માટે ઓફર કરાય છે.પરંતુ હવે ભારત સરકાર દ્વારા આઈપીઆરં ચેર ફાળવણી કરાતા જીએનએલયુ બેચરલ કોર્સમાં પણ આઈપીઆરની સ્ટડી નવા કોર્સમાં એડ કરવાનું વિચારી રહી છે.જેના માટેનો કોર્સ ડિઝાઈન પાછળ હાલ આઈપીઆર ચેરમાં આવતા પ્રોફેસર્સ પ્લાનિંગ કરી રહ્યા છે.આમ બેચરલ કોર્સમાં પણ વિદ્યાર્થીઓ આઈપીઆરનું પાયાનું કાયદાકિય નોલેજ મળી શકશે.

Scanned by CamScanner